# પશુપોષણ અને પશુપ્રજનન

## – આદર્શ પશુપાલન માટેના બે મહત્વના પરિબળો

પશુ ઉત્પાદન ક્ષમતાનું સૌથી આધારભૂત પરિબળ તેમની પ્રજનન ક્ષમતા છે. જયારે પશુપ્રજનન સામાન્ય રીતે પશુપોષણ, પશુસ્વાસ્થ્ય અને પશુવ્યવસ્થાપન પર નિર્ભર છે. ગમે તેટલા સારા અને ઉચ્ચ નસ્લના પશુઓ હોય પરંતુ જો તેમને સમયસર પુરતો, સમતોલ અને સંતુલિત આહાર ના મળે તો તેમની ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું અતિ મુશ્કેલ બને છે.પશુઓની પુખ્ત થવાની ઉમરે પ્રજનન સંબધી પ્રક્રિયાઓ શરુ થાય છે. સમાન્ય રીતે પશુઓની પુખ્તતા તેમની ઉમર કરતા તેમના શરીરના વજન ઉપર આધાર રાખે છે. આમ જન્મના સમયથી જ તેમને સમયસર પુરતો અને સંતુલિત આહાર આપવામાં આવે તો પશુ નિશ્ચિત સમયમાંજ પુખ્તતા ધારણ કરી શકે છે. ઉછરતા પશુઓના પોષણ પ્રત્યે બેકાળજી દાખવવાથી તેમની પુખ્તતાની ઉમરમાં વધારો થાય છે.

મોંઘવારી ના સમયમાં પશુપાલકો સામાન્ય રીતે દૂધ આપતી ગાય– ભેંસ પ્રત્યે વધુ કાળજી રાખતા હોય છે જયારે વસુકાયેલા પશુઓ કે વાછરડાઓ ઉપર પુરતું ધ્યાન આપતા નથી અથવાતો તેઓને અવગણે છે.પરંતુ તેઓ એ ભૂલી જાય છે કે આજની વાછરડી–પાડી  તે આવતીકાલની દુઝણી ગાય–ભેસ થવાની છે. તેથી તેમના ઉપર પુરતું ધ્યાન આપવું તે તેઓની હિતમાં જ છે.

અપૂરતા પોષણના કારણે માદા પશુમાં નિયમિતપણે ગરમીમાં આવવાની શક્યતા નહીવત રહે છે. તેમ્જ જો તેમને ફેળવવામાં આવે અને ગર્ભધારણ કરે તો તેના આંતરિક ગર્ભનો વિકાસ રૂંધાય છે અને છેલ્રી વિયાણ અવસ્થામાં તરવાય જવાની શકયતા પણ રહે છે અથવાતો મૃત્યુ પામેલું બચ્ચું જન્મવાની શક્યતા વધારે રહે છે. તે જ રીતે નર પશુઓમાં પણ અપૂરતા પોષણના કારણે વીર્યની ગુણવતા અને શુક્રાણુંઓનું ઉત્પાદન ઘટી જાય છે.

આ ઉપરાંત પશુઓની જરૂરિયાત કરતા પણ વધુ માત્રામાં પોષણ આપવામાં આવે તો પણ માદા અને નર બનેની પ્રજનન ક્ષમતા ઉપર માઠી અસર પડે છે. વધુ પોષણથી શરીરમાં ચરબીનું પ્રમાણ વધે  છે. જેના કારણે પશુના પ્રજનન અંગોમાં ચરબીનું પ્રમાણ વધે છે. માદા પશુમાં અંડકોષનો વિકાસ રૂંધાય છે તેમજ ફલનક્રિયા ઉપર પણ વિપરીત અસર પડે છે. જયારે સાંઢમાં વધુ ચરબી જમા થવાથી શુક્રાણુંઓની ક્રિયાશીલતા ઉપર અવળી અસર પડે છે અને તેની સાથે જાતીય આવેગ પણ ઘટી જાય છે.



તેથી કહી શકાય કે પશુની જરૂરિયાત કરતા ઓછો કે વધુ ખોરાક આપવાથી થતા નુકશાનની સીધી અસર પશુમાંતો જોવા મળે છે પરંતુ આર્થિક રીતે પશુપાલકો પર પણ તેની આડકતરી અસર જોવા મળે છે. તે જોતા દરેક પશુપાલકોને એવી ભલામણ કરવામાં આવે કે જેથી કરીને દરેક કક્ષાના પશુઓને પુરતા પ્રમાણમાં માફકસર સમતોલ આહાર મળી રહે તે માટે નીચે મુજબના પગલા લેવા અત્યંત જરૂરી છે.

**(૧) જન્મની શરૂઆતથી જ કાળજી :**

નાના બચ્ચા જન્મે કે તરત જ અડધા થી એક કલાકની સમયમર્યાદામાં તેમને માતાનું પહેલું ધાવણ એટલે કે કરાટું (ખીરું) પીવડાવવું અથવા તો ધવડાવવું જોઈએ. તેમાં જરૂરી પ્રોટીન, ખનીજ તત્વો અને પ્રજીવક 'એ' ની માત્રા સામાન્ય દુધની સરખામણીએ ત્રણ થી ચાર ગણી વધારે હોય છે, જે બચ્ચાની રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં મહત્વનો ભાગ ભજવે છે. આ ઉપરાંત તેમાં રેચકનો ગુણધર્મ વધારે હોવાથી બચ્ચાના આંતરડામાં ગર્ભ દરમિયાન એકઠો થયેલો જુનો મળ પેટમાંથી બહાર કાઢવામાં મદદરૂપ થાય છે. આમ શરૂઆતથી જ બચ્ચાનો ઉછેર સારો અને વૃદ્ધિદર પ્રમાણમાં ઝડપી બને છે. તેમજ જન્મના બે અઠવાડિયા બાદ ઉચ્ચ કક્ષાનું દાણમિશ્રણ કે જેને કાફસ્ટાર્ટર કહેવામાં આવે છે, ખવડાવું જોઈએ. તેમાં ૨૦–૨૫% પ્રોટીન અને ૭૦–૭૫% કુલ પાચ્ય   તત્વો રહેલા હોય છે. આ ઉપરાંત ખનીજતત્વો અને પ્રજીવક 'એ '  પણ પુરતી માત્રામાં હોવા જોઈએ. આમ જન્મની શરૂઆતથી જ તેમના પર પુરતી કાળજી દાખવવામાં આવે તો શરીરનો વિકાસ સારો અને ઝડપથી થશે અને સમય જતા ઉમરના પ્રમાણ માં પુખ્તતા ધારણ કરી વોડકી કે પાડી બનશે અને તેમનો પ્રજનનકાળ સમયસર શરૂ થતા વહેલી તકે ગાભણ થઈ શકશે.

**(૨) ગાભણ પશુઓ પ્રત્યે કાળજી :**

ગાભણ પશુઓની છેલ્લા ત્રિમાસીક સમયમાં ખાસ કાળજી રાખવી જરૂરી છે. ગર્ભાવસ્થાના પ્રથમ છ માસ દરમિયાન તેમના શરીરના નિભાવ પુરતો આહાર આપી શકાય કારણ કે આ સમય દરમિયાન ગર્ભમાં બચ્ચાનો વિકાસ ધીમો હોય છે. પરંતુ ગર્ભકાળના છેલ્રા ત્રણ માસ દરમિયાન ગાભણ પશુને વધારાનું સુમીશ્રીત દાણ દર બે અઠવાડિયે ૫૦૦ગ્રામ જેટલું એ રીતે વધારવું જોઈએ કે જેથી કરીને પશુનું વિયાણ થાય ત્યારે તેને ત્રણ થી ચાર કિગ્રા સુમીશ્રીત દાણ મળી રહે. આ પદ્ધતિને વૈજ્ઞાનિક ભાષામાં 'સ્ટીમીંગ અપ' તરીકે ઓળખવામાં આવે છે. આ પદ્ધતી અપનાવવાથી ગર્ભાવસ્થાની છેલ્રા ત્રણ માસની અવસ્થામાં બચ્ચાનો વિકાસ સારો થાય છે અને પશુના શરીરમાં વધારાની શક્તિનો સંગ્રહ થવાથી વિયાણ બાદ પશુ દ્વારા તેનો ઉપયોગ થાય છે અને  દૂધ  ઉત્પાદન  અને  તંદુરસ્તી જળવાય રહે છે તેમજ વિયાણ

વેતરમાં પણ આવશે.

(૩) પશુ પ્રજનન માટે આવશ્યક પોષક તત્વો :

પ્રજીવક 'એ' પ્રજનન માટે ખાસ મહત્વનું છે. તેની ઉણપથી નર અને માદા પશુ બનેમાં પ્રજનનની પ્રક્રિયાઓ અનિયમિત બને છે અને લાંબાગાળાની ઉણપથી વંધ્યત્વ પણ આવી શકે છે. દરેક પશુને આશરે દૈનિક ૫ કિગ્રા  જેટલો લીલોચારો મળી રહે તો પ્રજીવક 'એ' ની ઉણપથી પશુને નિવારી શકાય છે. પ્રજીવક 'ઈ ' પણ પ્રજનન માટે ઘણું જ અગત્યનું છે. સામાન્ય ખાણદાણ અને લીલાચારા માંથી યોગ્ય માત્રામાં મળી રહેતું હોવાથી તેની ઉણપ પશુઓમાં ખાસ જોવા મળતી નથી.

પ્રજીવક ઉપરાંત કેટલાક અગત્યના ખનીજતત્વો પણ એક યા બીજી રીતે પશુઓના પ્રજનન ઉપર અસર કરતા હોય છે. પશુઆહારમાં ફોસ્ફરસની ઉણપથી પશુની પ્રજનનક્ષમતા  અવરોધાય છે અને પશુ ગરમી માં આવતું નથી તેમજ વારંવાર ઉથલા મારે છે. નરપશુમાં પણ તેની ઉણપથી વીર્યની ગુણવતા પર માઠી અસરો જોવા મળે છે. જસત અને તાંબાની ઉણપથી ગાય-ભેસમાં બે વિયાણ વચ્ચેનો ગાળો લંબાવાની શકયતા વધે છે. આયોડીન અને સેલેનીયમ પણ પશુઓના પ્રજનન માટે આવશ્યક ખનીજતત્વો  છે. તેમનું પ્રમાણ ઘઉંનું થુલું, રાઈસ પોલીસ, ખોળ જેવા ખાણદાણમાં સારા પ્રમાણમાં હોય છે. સહકારી ડેરીઓ દ્વારા બનાવવામાં આવતું સુમીશ્રીત દાણ જો પશુઓને આપવામાં આવે તો ખનીજતત્વો ની ઉણપથી બચાવી શકાય છે. જો પશુપાલકો ઘરગથ્થું દાણ આપતા હોયતો એવા સજોગોમાં દરેક પશુ દીઠ દૈનિક ૩૦ થી ૫૦ ગ્રામ જેટલું ક્ષારમિશ્રણ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૪) હાનીકારક ઘાસચારાનો અતિશય ઉપયોગ ટાળો:

કેટલાક કઠોળવર્ગના લીલાચારા જેવાકે રજકો, બરસીમ તેમજ કોબીજ વગેરેના છોડમાં ઈસ્ટ્રોજન નામના વનસ્પતિજન્ય અંતઃસ્ત્રાવ પ્રમાણ વધારે હોવાથી તેના આડઅસર સ્વરૂપે પશુમાં પ્રજનનની અનિયમિતતાઓ તેમજ સતત ગરમીમાં રહેવાની શકયતાઓ વધી જાય છે. સુબાબુલ જેવા લીલા ચારામાં માયમોસીન નામના ઝેરી તત્વની માત્રા વધારે હોય ગાભણ પશુઓને લાંબા સમય સુધી ખવડાવતા તરવાય જવાની સંભાવના વધી જાય છે. માટે આ પ્રકારના ઘાસચારાનો વિનયપૂર્વક ઉપયોગથી પ્રજનનને લગતી સમસ્યાથી પશુ ને દુર રાખી શકાય છે.

આમ ઉપર દર્શાવેલી બાબતોને પશુપાલકો અમલમાં મુકશે તો ચોક્કસપણે પશુની પ્રજનન ક્ષમતા ઉપર પડતી માઠી અસરોને મહદંશે નિવારી શકીશું અને પશુ વિયાણ બાદ વહેલા વેતરમાં આવશે તેમજ બે વિયાણ વચ્ચેનો ગાળો ઓછો કરી અને વધારે દૂધ ઉત્પાદન મેળવી શકીશું.



# પશુપોષણ અને પશુપ્રજનન

## - આદર્શ પશુપાલન માટેના બે મહત્વના પરિબળો



ડો. જે. બી. બુટાણી, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન)
ડો. ડી. એમ. પટેલ, વૈજ્ઞાનિક (બાગાયત)
ડૉ. સી. ડી. પંડયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (ICAR)**
નવસારી કૃષિ યુનિવર્સિટી
એગ્રીકલ્ચર પોલીટેકનીકની સામે,
ભેંસકાત્રી રોડ, પાનવાડી, વ્યારા, જિ.તાપી
ફોન નં. (૦૨૬૨૬) ૨૨૧૮૬૯

યુનિવર્સિટી પ્રકાશન નંબર : ૧૦૩/૨૦૨૦-૨૧